**અનુસૂચિત જાતિ/જનજાતિ આદેશો/સુધારા**
**અધિનિયમ : ૧૯૭૬.**
**અનુસૂચિત જાતિ તરીકે પ્રમાણપત્ર આપવા બાબત**

**ગુજરાત સરકાર**
**મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. એસટીડબ્લ્યુ-૧૦૭૯-૬૨૮૭-જ.**
**સચિવાલય, ગાંધીનગર. તારીખ ૧૦/૫/૭૯.**

• **વંચાણમાં લીધો :** (૧) મ. સ. ક. અને આ.વિ.વિ. નો પરિપત્ર ક્રમાંક : એસ.સી.ડબલ્યુ/૧૦૭૭/૨૫૭૯૮/જ, તા. ૨૩-૫-૭૭
(૨) મ.સ.ક. અને આ.વિ.વિ. ના પત્ર ક્રમાંક : એસ.સી.ડબલ્યુ/૧૦૭૭/૮૬૬૦૨/જ. તા. ૧-૧૦-૭૭.

**પરિપત્ર**

અનુસૂચિત જાતિ-જનજાતિ આદેશો સુધારા અધિનિયમ ૧૯૭૬ તા. ૨૭/૭/૭૭ થી અમલમાં આવેલ છે. આથી અધિનિયમમાં જણાવેલ ગુજરાતી અનુ. જનજાતિની યાદી પ્રમાણે અનુ. જનજાતિના લોકોને જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવા માટે તારીખ ૧૫-૫-૭૮ અને તા. ૨૬-૭-૭૮ના પરિપત્રોથી સરકારે સૂચનાઓ બહાર પાડી છે. પરંતુ અનુ. જાતિના લોકોને આ અધિનિયમ અન્વયે જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી આપવાની બાબત સરકારની વિચારણામાં હતી. આ અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ અધિનિયમમાં જણાવેલ ગુજરાત રાજ્યને લગતી આ સાથે બીડેલ અનુ. જાતિની યાદી પ્રમાણે અનુ. જાતિના લોકોને ખરેખર તે અનુ. જાતિના છે, તેની ખાતરી કર્યા બાદ અનુ. જાતિના પ્રમાણપત્રો કાઢી આપવા માટે આથી સૂચના આપવામાં આવે છે.

સરકારના તા. ૧-૧૦-૭૭ના ખાનગી પત્રથી સમગ્ર ગુજરાત રાજ્યમાં વસતી મોચી જાતિના લોકોને આ અધિનિયમ અન્વયે અનુ. જાતિનું પ્રમાણપત્ર આપવાની બાબત વિચારણામાં રાખવાની સુચનાઓ આપવામાં આવી હતી. આ અંગે પણ કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ સૂચનાઓ પાછી ખેંચી લેવાનું સરકારે નક્કી કરેલ છે. આથી આ અધિનિયમ અન્વયે મોચી જાતિના લોકોને પણ ખરેખર તેઓ તે જાતિના છે, તેની ખાતરી કર્યા બાદ તેમને અનુ. જાતિનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(કા. જે. રાઠોડ)
સેકશન અધિકારી,
મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

નિયામક, સમાજકલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(જરૂરી સૂચનાઓ બહાર પાડવા સારુ.)

બધા સમાજ કલ્યાણ અદિકારીશ્રીઓ (રાજ્ય અને પંચાયત).
બધા મામલતદારશ્રીઓ/બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

----------

**અનુસૂચિત જાતિ/જનજાતિ આદેશો (સુધારો) : ૧૯૭૬માં જણાવેલ ગુજરાત રાજ્યને લગતી અનુસૂચિત જાતિ અંગેની યાદી.**

---

૧. અગેર
૨. બાંકડા-બાન્ટ
૩. બાવા-ઢેડ-ઢેડ-સાધુ
૪. ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા ચમાર, ચાંભાર, ચામગર, હરાલાટ્યા, હારાલી, ખાલમા, માચીગર, મોચીગર મદાર, માદીગ, મોચી, નાલિયા, તલુગુ મોચી, કામટી મોચી, રાનીગર, રોહીદાસ, રોહિત, સામગર.
૫. ભંગી, મહેતર, ઓળગાણા, રુખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, વાલ્મિકી, કોરાર, ઝાડમલ્લી.
૬. ચલવાડી, ચનાટ્યા.
૭. ચેનાદચાર, હોલીયા, દસાર.
૮. ડાંગસિયા.
૯. ઢોર, કાકટ્યા, કાન્કટ્યા.
૧૦. ગરમાતંગ.
૧૧. ગરોડા, ગરો
૧૨. હાલીર
૧૩. હસલર હુલ્લાસ્વર, હલારધર
૧૪. હોલાર, વલ્હાર
૧૫. હોલાયા, હોલર
૧૬. લોગાદર
૧૭. મહાર, તરાલ, ઢેગુમેગુ.
૧૮. માલ્યાવંશી, ઢેડ, ઢેડ, વણકર
૧૯. માગ, માતંગ, મારુ વણકર, અત્યંજ,
૨૦. મીનીમાડીંગ
૨૧. મેઘવાલ (Meghwal )
૨૨. મેઘવાર(Meghwar )
૨૨. મુકરી
૨૩. નાડીયા, હાડી
૨૪. પાસી
૨૫. સેનવા, સેનવા, ચેનવા, રોકતમા, રાવત
૨૬. શેમાલીયા
૨૭. થોરી
૨૮. તિરગર, તિરબંદા
૨૯. તુરી
૩૦. તુરી બારોટ, ઢેડ બારોટ

જાતિ પ્રમાણપત્ર મેળવવા સારુ અરજી કરવાનું ફોર્મ

૧. અરજદારનું પુરું નામ અને હાલનું પુરું સરનામું :-

૨. મૂળ વતન

ગામ તાલુકો જીલ્લો

૩. જાતિ :-

૪. પેટા જાતિ :-

૫. જાતિ અંગેના રજુ કરેલ પુરાવા :

૧.

૨.

૩.

૪.

૬. ધર્મ :-

૭. શાને માટે જરૂર છે :-

૮. અગાઉ કોઇ વખત જાતિનું પ્રમાણપત્ર મેળવેલ હોઇ તો તેની વિગત :-

ઉપર જણાવ્યા પ્રમાણે મેં દર્શાવેલ વિગત સંપૂર્ણપણે સાચી છે તેની ખાત્રી આપુ છું.

તારીખ :-

અરજદારની સહી.

અરજદારે પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીના ઉપર પ્રમાણેની જણાવેલ વિગતો/પુરાવાઓથી મને સંતોષ થયો છે કે, અરજદાર............................................................ જાતીના છે. અને આ જાતીને સરકારે અનુ. જાતી/અનુ. જનજાતી તરીકે જાહેર કરેલ છે. જેથી દાખલો કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

તારીખ :

પ્રમાણપત્ર આપનાર
અધિકારીની સહી/-

-------------